# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, જુનાગઢ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ

સર્કલ ઓફીસ, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, આઝાદ ચોક, એમ.જી.રોડ, જુનાગઢ – ૩૬૨૦૦૧

ફોન નં. : ૦૨૮૫ – ૨૬૨૨૧૬૭/૨૬૫૭૮૭૭ **website : forumjunagadh.pgvcl@gebmail.com**

**CIN:U40102GJ2003SGC042908**


પીજીવીસીએલ/સીજીઆરએફ/૨૯/ક્વા-03/૨૦૨૧-૨૨/૩૫૨ તા.૧૯.03.૨૦૨૨

૨૦03ના ભારતીય વીજળી અધિનિયમની કલમ નં.૪૨(૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં.૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ જુનાગઢના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

**No. PG – ૨૯/ક્વા-03/૨૦૨૧-૨૨**

અરજદાર: શ્રી મહેશભાઈ દેવાણંદભાઈ નંદાણિયા ગામ – જામ કલ્યાણપુર

સબડીવીઝન: કલ્યાણપુર

**:: વિરુધ્ધ ::**

સામાવાળા: કાર્યક્ષેત્ર: કાર્યપાલક ઈજનેર પીજીવીસીએલ વિભાગીય કચેરી દેવભુમી દ્વારકા

**:: ફોરમ ::**

૧) ચેરપર્સન : શ્રી બી.પી.બુચ

૨) મેમ્બર સ્વતંત્ર : શ્રી એન.એસ.પંડયા

સુનાવણી સ્થળ- પીજીવીસીએલ, વર્તુળ કચેરી જામનગર

તારીખ: મંગળવાર (૨૨-૦૨-૨૦૨૨)

૧.૦ સદર કેસની સુનાવણી તા.૨૨-૦૨-૨૦૨૨ (મંગળવાર) નાં રોજ રાખવામાં આવેલ હતી.જેમાં ઉપર મુજબ બનેપક્ષકારો હાજર રહેલ હતા.

**:: અરજદારની રજૂઆત ::**

૨.૦ અરજદારશ્રી રજુઆતમાં જણાવે છે કે, અમારા ગ્રાહક નં. ૮૫૭/કલ્યાણપુર/૧૪૧૦૪૭૧૯ મુજબ તા. ૧૩/૦૮/૨૦૨૧ ના રોજ પી.જી.વી.સી.એલ. કચેરી, જામ કલ્યાણપુર, જી. દેવભૂમિ દ્વારકા ખાતે મે મારા નવા ઘરવપરાશ વીજ કનેક્શન માટે અરજી કરેલ હતી અને રજીસ્ટ્રેશન ફી ભરેલ. તા. ૦૨/૧૧/૨૦૨૧ ના રોજ મીટર લગાવેલ છે.આમ પી.જી.વી.સી.એલ. કચેરી, જામ કલ્યાણપુર દ્વારા તા.

૦૭/૦૯/૨૦૨૧ ના રોજ ક્વોટેશન ભરી દીધેલ હોવા છતાં તા. ૦૨/૧૧/૨૦૨૧ ના રોજ એટલે કે ૫૬ દિવસ બાદ નવું કનેક્શન મળેલ છે તો વીજ નિયમન પંચ,ગુજરાતનાં નિયમ મુજબ મને વિલંબ ના દરેક દિવસનું વળતર ચૂકવવા માટે મારી આ અરજી છે. આમ અરજદારશ્રીએ અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 શ્રી મહેશભાઇ દેવાભાઈ નંદાણિયા દ્વારા કલ્યાણપૂર પેટા વિભાગ ના કાર્યક્ષેત્ર હેઠળ આવતા મુ. કલ્યાણપુર ગામ ખાતે ઘર મીટર અંગેની અરજી અનુસંધાને જણાવવાનું કે તા. ૦૭.૦૯.૨૦૨૧ ના રોજ ક્વોટેશન ભરી દીધેલ જે ઘર મીટર તા. ૦૨.૧૧.૨૦૨૧ ના રોજ રીલીઝ કરવામાં આવેલ. સદર મીટર રીલીઝ કરવામાં સર્વિસ વાયર ઉપલબ્ધ ન હોવાના લીધે થોડો વિલંબ થયેલ પરંતુ સર્વિસ વાયર નું ઉપલબ્ધ થયે પ્રાયોરિટી માં કનેક્શન મીટર લગાડી રીલીઝ કરવામાં આવેલ છે.

3.૧ વધુમાં શ્રી મહેશભાઇ દેવાભાઈ નંદાણિયા ના નવા ઘરવપરાશ વીજ જોડાણમાં વિલંબ અંગે વળતર મેળવવા બાબતની રજુઆત સંદર્ભે કલ્યાણપુર પેટા વિભાગીય કચેરી તથા દ્વારકા વિભાગીય સ્ટોરે ખાતે સર્વિસ વાયર નો સ્ટોક નીલ હોવા અંગેનું પ્રમાણપત્ર રજુ કરવામાં આવેલ છે.

## :: હુકમ ::

૪.0 અરજદારશ્રી દ્વારા કરેલ મૌખીક તેમજ લેખીત રજૂઆત તથા સામાંવાળાની મૌખીક રજૂઆત અને રજૂ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ નીચે મુજબના નિર્ણય ઉપર આવેલ છે.

૪.૧ સદર બાબતે પીજીવીસીએલ કંપની દ્વારા અરજદાર શ્રી ને નવા વીજ જોડાણ આપવા અંગે મુદ્દા નં. 3.0 અને 3.૧ મુજબ તા. ૨૭.૧૦.૨૦૨૧ સુધી સર્વિસ વાયર નો સ્ટોક ન હોવાના કારણે વિલંબ થયેલ છે.જે કારણ માન્ય રાખી શકાય તેમ હોય જેથી આ કનેક્શન આપવામાં વિલંબ થયેલ છે જે યોગ્ય છે.

૪.૨ અરજદાર શ્રી ની રજૂઆત મુજબ પીજીવીસીએલ કંપની ને તાકીદ કરવામાં આવે છે કે, હવે પછી આવું ફરી ન બને તેના માટે કાર્યપાલક ઇજનેર શ્રી દ્વારા નાયબ ઇજનેર શ્રી ને જરૂરી સુચના આપવા અને કોઈપણ માલ ના હોય તો તેમને ગ્રાહક શ્રી ને જરૂરી જાણ કરી યોગ્ય સુમેળ ભર્યું વાતાવરણ બનાવવું જેથી કરીને ભવિષ્ય માં આવી કોઈ ફરિયાદ ઊભી ન થાય તેમજ કંપની ની છબી ખરડાઈ નહીં તેનું પુરતી તકેદારી રાખવા અત્રે ના ફોરમ દ્વારા હુકમ કરવામાં આવે છે.

૪.3 આ સાથે અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

| | |
|---|---|
| શ્રી એન.એસ.પંડયા | શ્રી બી.પી.બુચ |
| સ્વતંત્ર સભ્ય | ચેરપર્સન |

નોંધઃ-

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન-30 માં વિધુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે.આ સાથે વિધુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિધુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશેતો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદિએ જરૂરી હોય તો ફોરમ ના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસેએક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચુકવણીની સાબિતી રજૂ કરી હોય,તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(૩) લોકપાલ નું સરનામું : વિધુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનિક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫.ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯